શ્રીમન્ મુક્તિકમળ જૈન મોહનમાળા-પુષ્પ ૧૨ મું.

वंदे वीरम्

શ્રી કનકકુશળગણિ રચિત-

# શ્રીસુરપ્રિય મુનિ ચરિત્ર,

નું ( ગુર્જર )

## ( ભાષાંતર. )

અનુવાદક

અનુયોગાચાર્ય પં. શ્રીમન્ મોહનવિજયજીગણિ-વિનેય

**મુનિ શ્રીપ્રતાપવિજયજી.**

શ્રીમન્ મોહનવિજયજી જૈન પુસ્તકાલયદ્વારા

પ્રકાશક અને આર્થિક સહાયક—

**અમદાવાદનિવાસી શા. વાડીલાલ સાકળચંદ.**

વીર સં. ૨૪૪૬. પ્રત ૫૦૦.

વડોદરા-શિયાપુરા, લુહાણામિત્ર સ્ટીમ પ્રેસમાં વિઠ્ઠલભાઇ

આશારામ ઠક્કરે પ્રકાશક માટે છાપી પ્રસિદ્ધ કર્યું.

તા. ૩૦-૫-૨૦

મૂલ્ય બે આના.

# ભાષાંતર કરવાનો હેતુ.

મ્હારા પરમોપકારિ પૂજ્ય ગુરૂશ્રી અનુયોગાચાર્ય (પંન્યાસજી) **શ્રીમન્ મોહનવિજયજી** ગણિ સાહેબે સપરિકર સં. ૧૯૭૫ નું ચાતુર્માસ શ્રી **બોટાદ** કર્યું, ત્યારે ત્યાં તેઓશ્રીએજ વ્યાખ્યાનમાં પૂજ્ય શ્રી **ભગવતી સૂત્ર** અને ઉત્તર (ભાવનાધિકાર) વ્યાખ્યા-નમાં વંચાતી શ્રી **ઉપદેશ સપ્તતિ** મોટીના પેટામાં. આ-શ્રી **કનકકુશળગણિએ** સં. ૧૬૫૬ માં ૧૨૫ સવાસો શ્લોક પ્રમાણ સંસ્કૃતમાં રચેલ શ્રી **સુરપ્રિય** મુનિ ચરિત્ર વાંચ્યું હતું. આ ચરિત્ર બહુ નાનુ છતાં બહુ બોધક, અસરકારક અને સુરમ્ય હોવાથી વ્યાખ્યાનમાં પૂર્ણ વંચાઇ રહેતાં બેમાસ થયા હતા.

આવું સરસ ચરિત્ર જો ગુજરાતી ભાષામાં હોય તો બહુ જનને ઉપકારક નિવડે ! એ વિચારથી મ્હારા એ પૂજ્ય ગુરૂવર્યે આ ચરિત્રનો ગુજરાતી ભાષામાં મને અનુવાદ કરવા કરેલ ફરમાન મુજબ અનુવાદરૂપ આ ચરિત્ર આજે પ્રસિદ્ધ થયેલ છે.

આ ગ્રંથને સુધારવામાં, જિનાજ્ઞા વિરૂદ્ધ થતી સ્ખલનાથી બચાવવામાં અને મ્હારા જીવનની દરેક ઉત્ક્રાંતિમાં સર્વાંશે-સર્વદા **-પૂર્ણ ઉપકારી એ ગુરૂશ્રીનો સંપૂર્ણ ઉપકાર માની;**

આ ચરિત્રથી અનેક ભવ્ય જીવો સમકીત આદિ શુદ્ધ ગુણો પ્રાપ્ત કરી યાવત્ મોક્ષ મેળવે એ શુભાશાથી આત્માને કૃતાર્થ ગણીશ.

અનુવાદક
સદ્દગુરૂનો **પ્રતાપ.**

**સૂચના**—મૂળ શ્લોકોનો અક્ષરે અક્ષર-અનુવાદ કરવાથી વાંચનારને (વિષય સારા છતાં) રસ ન આવે, તેથી બહુશઃ તેમ ન કરતાં શ્લોકોનો ભાવ સારી રીતે સમજાય તેમ અનુવાદ કરેલ છે, એટલુંજ નહિ પણ તે તે ભાવ પૂર્ણ સમજમાં આવી જવા-કેટલેક ઠેકાણે કેટલોક ભાગ મૂળથી વિશેષ પણ ઉમેરેલ છે; ને તે મૂળ સાથે મુકાબલો કરનારના ખ્યાલમાં રહેવા માટે મેં લખેલ વધારાનો ઘણો ભાગ (...) [...] એ ચિન્હમાં દાખલ કરેલ છે.

**અનુવાદક.**

वंदे वीरम्.

અનુયોગાચાર્ય ( પંન્યાસજી ) શ્રીમન્ મોહનવિજયજી
ગણિગુરૂભ્યો નમો નમઃ

શ્રી કનકકુશળગણિ રચિત

# શ્રી સુરપ્રિય મુનિ ચરિત્ર.

( ભાષાંતર. )

प्रणम्यमहिमागारं श्रीपार्श्वपुरुषोत्तमम् ।
सकलाभीष्टसंसिद्धि–साधने कल्पपादपम् ॥ १ ॥

गुरुप्रसादमासाद्य सद्यो दुरितभेदकम् ।
स्वान्योपकारकंवक्ष्ये संबंधं बंधबन्धुरम् ॥ २ ॥

મંગળ–આદિ

સમગ્રમહિમા–ઐશ્વર્ય ( ઠકુરાઇ ) ના સ્થાનરૂપ, પુરૂષોમાં ઉત્તમ, અને તેથીજ (દરેક પુરૂષોમાં ઉત્તમ હોવાથીજ) સમગ્ર ઇષ્ટસિદ્ધિને સિદ્ધ ( પ્રાપ્ત ) કરવામાં કલ્પવૃક્ષતુલ્ય (૨૩ મા તીર્થંકર ) શ્રી પાર્શ્વનાથને નમસ્કાર કરીને, ગુરૂની કૃપા મેળવીને, રસપૂર્ણ પ્રબંધ (એક ચરિત્ર) કહીશ. કે જે પ્રબંધ

( સાંભળનારના ) પાપનો શીઘ્ર નાશ કરનાર, અને સ્વપર (ને બહુ ) ઉપકારક છે.

**કથાસુખ—**

દરેક રિદ્ધિ સિદ્ધિથી પરિપૂર્ણ ઇંદ્રપુરી જેવું રાજગૃહ નગર છે. ત્યાં સર્વ ઋતુની વનરાજીથી સુશોભિત ગુણશીલ નામનું ચૈત્ય છે. દેવદેવેંદ્ર-મનુષ્ય-રાજા, ચક્રવર્તિઓને પણ જેના ચરણકમલ સેવવા લાયક છે, એવા સર્વજ્ઞ તીર્થંકર પ્રભુશ્રી મહાવીર સ્વામી એ ગુણશીલચૈત્યમાં સમવસર્યા ( બિરાજ્યા ) છે.

નિરંતર છઠછઠ વિગેરે ઘોર તપને કરનાર, અનેક લબ્ધિવાળા, અને ચાર જ્ઞાન ( મત્તિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ. ) વાળા, એવા એ પ્રભુના મુખ્ય ગણધર, શ્રી ઇંદ્રભૂતિ ( ગૌતમસ્વામી ) એ શ્રી વીર પરમાત્માના ચરણે ભક્તિપૂર નમસ્કાર કરી વિનયપૂર્વક અંજલી જોડી આ રીતે પ્રશ્ન કર્યો કે:—

**શ્રી ગૌત્તમ પ્રશ્ન—**

હે વિભો ! નાથ ! કૃપા કરી મને કહો કે—જે પ્રાણી પોતાના દોષોજ—પોતાનીજ ભૂલ જોનાર હોય અને આત્મ (પોતાની ) નિંદામાંજ તત્પર રહેતો હોય, તેને શું ફળ મળતું હશે ?

શ્રી ગૌત્તમસ્વામીનો આવો ઉત્તમ પ્રશ્ન સાંભળી પ્રભુશ્રીએ કહ્યું કે—

હે ! ઇંદ્રભૂતિ ! ત્હારા પ્રશ્નનો ઉત્તર ( જે હું કહું છું તે ) હૃદયભુવનમાં કોતરી રાખવા લાયક છે ! માટે ઉપયોગ પૂર્વક ( સાવધાન ચિત્તે ) સાંભળ.

પ્રભુનો ઉત્તર—

स्वश्लाघा परनिन्दा च, लक्षणं निर्गुणात्मनाम् ।
परश्लाघा स्वनिन्दा च लक्षणं सद्गुणात्मनाम् ॥

નિર્ગુણી અને સદ્ગુણી એમ જીવ બે પ્રકારના છે. તેમાં જે સ્વ ( આત્મ )–પોતાની શ્લાઘા–(ગુણ નહિ છતાં ગુણ રૂપ) પ્રસંશા કરે અને પર–પારકાની નિંદા કરે તે લક્ષણ–(સ્વભાવ) નિર્ગુણીનું છે; અને જે પરની શ્લાઘા–સ્તુતિ પ્રશંસા કરે ને પોતાની નિંદા કરે તે સદ્ગુણીનું લક્ષણ છે.

બીજી રીતે જીવના [1] ચાર ભેદ પણ કહેવાય છે.

એક ગુણાનુરાગી, બીજો ગુણી, ત્રીજો ગુણી અને ગુણરાગી, ૪ થો પોતાના અવગુણ જોનાર. એ ચાર પૈકી દરેકની સંખ્યાનો વિચાર કરીશું તો ગુણાનુરાગી ઘણા થોડા મળશે ! અને ગુણી તો તેથી પણ ઓછા, તેમાંય ગુણી ને ગુણરાગી તેથી પણ ઘણા ઓછા, અને મારા પોતાનામાં કેટલા અવગુણ છે ? હું અન્યના ગુણદોષ જોઉં છું, પણ મારામાં કોઇ અવગુણનો વાસ છે કે

---

१ गुणानुरागिणः स्वल्पा–स्तेभ्योपि गुणिनस्ततः । गुणिनो–गुणैरक्ताश्च तेभ्यः स्वाऽगुणे वीक्षिणः ॥

નહિ ? એનો વિચાર કરનાર એટલે પોતાના અવગુણ જોનાર પુરૂષો તો ઉપરના ત્રણ ભેદવાળાની સંખ્યાથી પણ ઘણાજ ઓછા છે; એટલે એવા તો વિરલજ હોય છે.

**“ આત્મનિંદા કરનાર તેજ ભવમાં પણ સર્વ કર્મથી મુક્ત થઇ યાવત્ મોક્ષના અનંતસુખ મેળવે છે. ”**

આ પ્રસંગનું વિશેષ બોધ થવા, આત્મનિંદા કરવાથી મુક્તિ સુખ મેળવનાર સુરપ્રિય મુનિનું ચરિત્ર અત્ર કહું છું–

## કથા ( ચરિત્ર ) પ્રારંભ.

આ જંબુ દ્વીપના ભરતક્ષેત્રમાં ચોતરફ ફરતા કિલ્લા, વાવ કૂવા, બાગ, બગીચાઓ અને મનુષ્યોની વસ્તિથી પરિપૂર્ણ ( જેવું નામ તેવાજ ગુણવાળી ) [1]**સુશર્મા** નામની નગરી છે. ત્યાં મહાપરાક્રમી, ન્યાયપ્રિય, સદ્ગુણ ભંડાર, નિરંતર આનંદમાં રહેનાર અને ચંદ્રના જેવા નિર્મલ ( કલંક રહિત ) યશવાળો **ચંદ્રરાજા** છે. શીયલાદિ સદ્ગુણરૂપ અલંકારે શોભતી, સાક્ષાત્ કામદેવની સ્ત્રી રતિતુલ્યા, ચંદ્રની રોહીણીના જેવી, આ ચંદ્ર રાજાને—**ગુણતારા** નામની મુખ્ય પટ્ટરાણી છે.

એજ નગરીમાં શરીરના હરેક અવયવોથી અને નામથી પણ **સુંદર** ( નામનો ધનાઢ્ય ) શેઠ વસે છે. તે શેઠને ( પુન્ય-

---

૧ જેમાં સારી રીતે સુખ છે—એવી.

વિના ) બીજાને મળવી દુર્લભ એવી **મદનશ્રી** નામે પ્રિયા છે. એ સુંદર શેઠની મદનશ્રી સ્ત્રીથી એક પુત્રરત્ન થયેલ છે. કે જે જ્ઞાન વિજ્ઞાનાદિ ગુણે ઘણો શોભતો હોવાથી દરેક ગુણોનું મંદિરજ છે. અને એવા ગુણો હોવાથી જેનું સુર-દેવોને પણ પ્રિય-એવું યથાર્થ-**સુરપ્રિય** નામ છે. યુવા અવસ્થા પ્રાપ્ત થયે માતપિતાએ ઘણા ઠાઠથી લગ્ન મહોત્સવ કરી, શીયળાદિ અલંકારે શોભતી **રૂપવતી** નામની કન્યા સાથે પાણિગ્રહણ કરાવીને; સુંદરશેઠ સ્વપરિવારે પરિવરેલો આનંદ મંગળથી દિવસો નિર્ગમન કરે છે. 'માણસ ધારે છે કંઇ ને બને કંઇ' અહીંપણ આ કહેતી લાગુ થઇ. એટલે કે વિપરીત ભાગ્યના ઉદયથી આ સુંદરશેઠને એકાએક નિર્ધનપણું પ્રાપ્ત થયું--

( સંસાર ચક્રની ઘટમાળ એવીજ છે. ' ભરાય ખાલી થાય, ભરાય ખાલી થાય ' એમાં આશ્ચર્ય જેવું કશું નથી. દિવસ ત્યાં રાત્રી, રાત્રી ત્યાં દિવસ, તડકો ત્યાં છાંયો, સર્વત્ર આમ આવજા થયાજ કરે છે. ) એવા કોઇ દુનીયામાં જોવાય છે ? કે જેના દિવસો હંમેશાં એક સરખાજ ( સુખવાળા કે દુઃખવાળાજ ) રહેલા હોય ! શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**कस्य वक्तव्यता नास्ति को जातो न मरिष्यति ।**
**केन न व्यसनंप्राप्तं कस्य सौख्यं निरंतरं ॥**

કોનામાં કહેવા પણું નથી ? જે જન્મ્યો છે તે નહિ મરશે એવો કોણ છે ? કોણે દુઃખ પ્રાપ્ત કર્યું નથી ? અને નિરંતર સુખીપણું કોને છે ?.

( એ રીતે સુખ દુઃખ રૂપ ચક્ર ફરતું રહે છે. તેમાં પણ દરિદ્રપણું મહા દુઃખદાયી છે. એક સ્થળે કહેલ[1] છે કે ) મરેલાની અને દરિદ્રની તુલના કરીશું તો મરેલો સારો લાગે છે. કેમકે મરેલા ( મુડદા )ને પાણી પણ મળે છે, પણ દારિદ્રીને તો જલનો છાંટો પણ કોઇ આપતું નથી.

કોઇ પ્રકારના સંબંધ કે સગાઇ વિનાના પણ પ્રાણી ધનવાળા સાથે નિકટ સંબંધી જેવા થાય છે. જ્યારે દરિદ્રી ( ધનહીન ) જનોના નિકટના સંબંધીઓ પણ તેનાથી પરાઙ્મુખ થાય છે. વિચાર કરતાં ચાંડાલ અને દરિદ્રી સરખાજ છે. કારણ કે ચાંડાલની ચીજ કોઇ ( અસ્પૃશ્ય હોવાથી ) લેતું નથી. અને દરિદ્રી કોઇને આપતો નથી.

જેને પુત્ર નથી તેને માત્ર ઘર શૂન્ય છે, જેને સત્યમિત્ર નથી તેને સમય શૂન્ય છે, મૂર્ખને દિશાઓ શૂન્ય હોય છે. અર્થાત્ મૂર્ખને કોઇ પ્રકારનું ભાન હોતું નથી, ( આ રીતે દરેકને અમુક અમુક શૂન્ય રૂપ છે. ) પણ દરિદ્રી નિર્ધનને તો બધુંય શૂન્ય છે. પાંખ વિના પક્ષી, સુકું ( ઠુંઠા જેવું ) વૃક્ષ, જળ વિનાનું સરોવર, અને દાઢા વિનાનો સર્પ જેમ તેના તેના સ્વભાવમાં નકામા છે, તેમ ધન રહિત-દરિદ્રીને પ્રાણ પણ નકામો ગણાય છે. )

---

१ मृतदुर्गतयोर्मध्ये वरं मृत न दुर्गतः ।
मृतो हि लभते वारि तद्बिन्दुमपि नापरः ॥

નીતિશાસ્ત્રમાં મરણ, દરિદ્રપણું પંથ (મુસાફરી-કાસદીયું) અને ક્ષુધા—એ ચાર માટે આ રીતે કહેલ છે કે—જગતમાં મરણ જેવો અન્ય (કોઇ) ભય નથી, દરિદ્રપણા જેવો બીજો શત્રુ નથી, અને નિરંતર પંથ—મુસાફરી જેવુ અન્ય ઘડપણ નથી, તેમજ ક્ષુધા—ભુખ જેવી બીજી કોઇ વેદના (દુઃખ) નથી.

(આ સુંદર શેઠ પણ ચિંતામગ્ન થઇ આ રીતે અનેક વિકલ્પો કરે છે કેઃ—જ્યાં પ્રથમ અંધકાર હોય ત્યાં પછી જો દીપક હોય તો તે શોભે છે, તેમ દુઃખ પછી આવેલુ સુખ શોભે છે) પણ સુખ પછી જો દુઃખ આવે તો તે દુઃખી પ્રાણી દુઃખી નથી પણ મરેલજ છે; (માત્ર) શરીરરૂપ તે જીવતા છે. હે ! દૈવ ! મને દરિદ્રતાં કરતાં મૃત્યુ વધારે પ્રિય છે. માટે તેં અનંત દુઃખ ભોગવવા રૂપ આ દરિદ્રતા આપી તે કરતાં કરાલ થઇ મરણ શા માટે ન આપ્યું ? કે જેથી થોડા સમયમાં અલ્પ દુઃખે મારો નિસ્તાર તો થઇ જાત !

અરે ! મને વધારે દુઃખ તો એજ થાય છે કે મદવારિ ઝરતું બંધ થતાં જેમ ભ્રમરો હાથીને ત્યજે છે, જળ વિનાના નદી તળાવને પશુ પંખી જેમ છોડી દે છે અને યાચક લોકો "આનું ઘર તો નિર્ધન છે" એમ આંગળી કરીને ત્યજી દેય છે, તેમ મારૂં ઘર ત્યજીજ ચાલ્યા જાય છે, તેજ મને બળતરા કરાવે છે.

---

१ मरणसमं नत्थि भयं दारिद्दसमो वेरिओ नत्थि।
पंथसमा नत्थि जरा खुहासमा वेयणा नत्थि ॥

હું ખરૂં કહું છું કે–મને મારા વૈભવના નાશની ચિંતાજ નથી, કેમકે લક્ષ્મીનું આવવું કે જવું એ પુન્યાધીન છે, પણ ખરી રીતે આ ચિંતા–અગ્નિથી બળું છું તે એજ છે કે–હું નિર્ધન થવાથી મારો મિત્ર વર્ગ પણ (હવે ધન વિના હું તેમને નકામો છું તેથી ) મિત્રાચારીમાં મંદ થયેલ છે.

અને મરણ કરતાં (પણ) દારિદ્રને દુઃસહ્ય કહ્યું છે, એ ખોટું નથી. કારણ કે મૃત્યુ ફક્ત પ્રાણવિયોગનુંજ દુઃખ દેયે છે. કિંતુ આ ( દારિદ્ર ) તો લજ્જા અને તેજનો નાશ કરે છે, નિસ્તેજ થવાથી અનેક તેનું અપમાન કરે છે, અપમાન થવાથી ખેદ થાય છે, તેથી શોકાતુર પણ થવાય છે અને શોકમગ્ન થવાથી બુદ્ધિ બહેર મારી જાય છે એટલે છેવટ મૂઢતા થવાથી નષ્ટ થવા પ્રસંગ આવે છે. આ સર્વનું મૂળકારણ દરિદ્રપણુંજ છે. વળી આ નિર્ધનપણું—

ચિંતાનું તો ઘરજ છે, ( એટલે કે મારો નિર્વાહ શી રીતે થશે આ ચિંતા નિરંતર રહે છે ) અણવિશ્વાસનો તો પિતા છે, મિત્રોને પણ ( પ્રતિ ઉપકારની આશા ન હોવાથી ) તિરસ્કારનું સ્થાન, સ્વજન વર્ગના દ્વેષની ભૂમિ, અને સ્રીવર્ગથી પરાભવનો પ્રસંગ, આવાં અનેક કષ્ટો આપનાર, નિર્ધનપણાથી અંતે કંટાળીને વનમાં ચાલ્યા જવાના વિચારો લાવનાર, આ દરિદ્રપણું દરેક આપત્તિ ( દુઃખો ) નું મુખ્ય સ્થાન અને શોકરૂપ સાક્ષાત્ અગ્નિજ છે. ( માત્ર અગ્નિ તુર્ત ભસ્મ કરી થોડા કાળે બાળે છે તેથી થોડું દુઃખ થાય છે અને આ શોક-અગ્નિ રીબાવી રીબાવીને બાળે–પીડે છે. )

જુઓ તો ખરા—આ મિત્ર સ્વજનોએ સ્નેહ ઓછો કર્યો એ તો ઠીક, પણ આ પક્ષી સમૂહ પણ ( કે જે મારા ઘરના ચોકમાં અનેક રીતે ધાન્યાદિની ચણ કરતો હતો તેજ સ્થલે અત્યારે ઘાસના અંકૂર નીકળ્યા છે ) વિષ્ઠા કરી રહ્યો છે.

મારા પ્રિય બંધુ ! દારિદ્ર ! તું વિવેકમાં પણ ઘણો આગળ વધ્યો લાગે છે, કારણ કે જેમ સજ્જન પુરૂષો, વિદ્યાહીણ કે ગુણહીણના ઉપર રાગ ધરતા નથી, કિંતુ ગુણાઢય જનોના ઉપર પ્રેમી થાય છે; તેમ તું પણ વિદ્યા—ગુણવાળાનોજ રાગી થાય છે અને તેથીજ તને બીજા બધા કરતાં જ્યારે મારા ઉપરજ બહુ સ્નેહ લાગ્યો છે તો તેની મને ચિંતા નથી, પણ ભવિષ્યનો વિચાર કરૂં છું ! ત્યારે તારી પોતાનીજ ચિંતા થાય છે કે—તું મને મિત્ર તરીકે સ્નેહી થયો છે, ( મારા શિવાય બીજા તને પ્રિય નથીજ તેથી ) તો જ્યારે મારો દેહ નાશ પામશે ત્યારે ( મારા સિવાય બીજા તને પ્રિય નથી લાગતા તેથી ) ત્હારૂં શું થશે ? તું ક્યહાં જઈશ ?;

અસ્તુ—હે આત્મન્ ! તું પરને ઓળંભા શામાટે આપે છે ? કારણ કે, સ્વકૃત કર્મનો વિપાકજ સુખ દુઃખ આપે છે ! તેં પૂર્વે દાન આપ્યું નહિ હોય, તપ કર્યો નહિ હોય, દેવ—ગુરૂની આરાધના સેવા કરી નહિ હોય, અર્થાત તેં તેવી કોઇ પણ ધર્મ કરણી આત્મશ્રેયઃ અર્થે કરી નહિ હોય ત્યારેજ આ દરિદ્રતા આવેલ છે, તો પછી સુખની આશા શાને રાખે છે ? )

છેવટે સુંદર શેઠે સ્વપુત્ર સુરપ્રિય સાથે વિચાર કર્યો કે

હે વત્સ !–નિર્ધન[1] અવસ્થામાં કુટુંબમાં રહેવું, એ કરતાં વાઘ સિંહ આદિ હિંસક પશુઓવાળું વન સેવવું, અથવા ઝગઝગતા અગ્નિમાં બળવું, કાંતો વિષ ( ઝેર ) પાન કરી પ્રાણવિયોગ કરી, મૃત્યુનું શરણ કરવું બહેતર છે; માટે આપણે વિદેશ જઇ ધન મેળવવાનો ઉદ્યમ કરીએ.

કેમકે વ્યવહારદક્ષ જનો એમજ કહે[2] છે કેઃ–જેમ ખેડુતો ઘરમાં રહેલ બીજ સ્થાનાંતરે (ખેતરમાં) જવાથી વૃદ્ધિ પામે છે, તેમ મનુષ્યોને કેટલીક વખત અન્ય સ્થાને [દેશાંતર] જવાથી ધન પ્રાપ્ત થાય છે.

આ રીતે ધન પ્રાપ્તિ માટે વિચાર કરી ઘરના માણસોને શિખામણ આપી બેઉ પિતા પુત્રે લક્ષ્મીની ઇચ્છાથી વિદેશ ગમન કર્યું.

નિરંતર પ્રયાણ કરતાં ( ચાલતાં ) માર્ગમાં વિશ્રાંતિ લેવા કોઈ વડ વૃક્ષ નીચે બેઉ જણ બેઠા, અને જંગલની લીલા જુએ છે, ત્યાં નજીકમાં એક શ્વેત ( ધોળા ) આકડાનું વૃક્ષ નજરે પડ્યું, અને ઘણા વિસ્મિત થઈ વિચાર કરે છે કે, પહેલાં

---

१ वरं वनं व्याघ्रगजेन्द्र सेवितं वरं प्रवेशो ज्वलिते हुताशने।
वरं विषं प्राणविमाशिभक्षितं न बंधुमध्ये धनहीनजीवितं॥

२ स्थानांतरे नराणांहि जातुचिज्जायते धनं ।
कर्षकाणां यथा बीज मूचुरिति मनीषिणः ॥

ગુરૂ મુખે સાંભળેલ છે કે આવાં વૃક્ષો નીચે, ભોંયમાં ચોક્કસ પુષ્કળ ધન હોય છે. એવી ઉમદા ચીજો તો સ્થળે સ્થળે હોય પણ તેને મેળવવા ગુરૂગમ મળવી દુર્લભ છે. એક સ્થળે કહેલ[૧] છે કેઃ—કોઇ અક્ષર મંત્ર વિનાનો નથી, કોઇપણ વૃક્ષ ઔષધી રહિત નથી, અને પૃથ્વી ધન વિનાની નથી. પણ ગુરૂગમજ દુર્લભ છે.

કયે કયે સ્થાને ધન હોય છે? તેની નિશાનીઓ આ રીતે કહેલ છે,—[૨] ગધેડા વગેરે ચારે પગ સાથે રાખી જ્યાં મૂત્ર (પેશાબ) કરે તે સ્થલે ભોંયમાં ધન હોય છે, રવિવારે જ્યાં (ઘણીવાર) પક્ષીના ટોળાં બેસતાં હોય ત્યાં, ખંજન જ્યાં વિષ્ઠા (ચરક) કરે ત્યાં, છાણમાં એરંડાના ઝાડનાં અંકૂરો

---

१ अमंत्रमक्षरं नास्ति नास्ति मूलमनौषधं ।
निर्धना पृथिवी नास्ति आम्नायः खलु दुर्लभाः ॥

२ विशिष्यशिष्यते किंचित् तदभिज्ञानमप्यहो ।
प्रस्रवेखचरादीनां चतुर्भिश्चरणैः समैः ॥
बहुपक्षिपदेचार्क—वारे खंजनविट्पदे ।
छगणांतर्गतैरंड—बीजांकुरपदेपि च ॥
खंजरीटादिकानांच मैथुनस्थानके निधिः ।
प्ररोहे प्रपुनाटादेश्चापि बिल्वपञ्चाशयोः ॥
प्ररोहस्य च कार्श्येल्पः स्थौल्येनल्पः पुनर्निधिः ।
तद्गतक्षीरवर्णानुसारि सारं निधौ तथा ॥

ઉગ્યાં હોય ત્યાં, ખંજરીટ વગેરે તેવાં પ્રાણી જ્યાં મૈથુન સેવે તે જગ્યાએ અને આકડો, બિલ્વ, તેમજ ખાખરાનું ઝાડ ઉગ્યું હોય તેની નીચે નિધાન હોય છે. આંકડો–બિલ્વ–ખાખરો એ ત્રણ માટે એટલું વિશેષ છે કેઃ–જો પ્રરોહ ( અંકૂર ) નું કૃશપણું હોય તો નિધાન થોડું, અને સ્થૂલપણું હોય તો ઘણું ધનાદિ હોય, અને તેના દુધમાં જેમ જેમ ઉજ્વળતા વધારે તેમ તેમ નિધાન પણ સારવાળું જાણવું.

માટે આ આકડા નીચે ચોક્કસ ધન છે, એ નિશ્ચય કરી ધનનુંજ ધ્યાન કરતાં ત્યાંથી ઉભા થઇ કેટલેક આગળ જઇને એક વૃક્ષ નીચે રહ્યા, ત્યાં બેઉ જણા કાંઇક કાંઇક છેટે છેટે કપટ નિદ્રાથી સુઇ ગયા, અને બેઉ જણા પોતપોતાના મનમાં વિકલ્પ કરે છે. તેમાં સુંદર શેઠ (પિતા) વિચારે છે કે–જો મારો પુત્ર સુરપ્રિય ઉંઘી જાય તો આ દરિદ્ર દાવાનળને બુઝાવવા મેઘ (વર્ષાદ) તુલ્ય ધન આકડો ઉખેડીને લઇ લેઉં, પણ જો પુત્ર જાગી જાશે તો એ ભાગ માગશે એ ઠીક નહિ; કેમકે નીતિશાસ્ત્ર કહે છે કેઃ–' आयुर्वित्तं निजंपुण्यं, न वाच्यानि परस्ययत् પોતાનું આયુષ્ય, ધન, અને પુન્ય કોઇને કહેવાં નહિ' કપટ નિદ્રામાં પડેલ પિતા આ રીતે વિચાર કરે છે. જ્યારે પુત્ર સુરપ્રિય પણ એવોજ વિચાર કરી રહ્યો છે કેઃ––જો પિતા ન જાગે તો ઠીક, હું સર્વ ધન લઇ લેઉં. અહા ! આ એક જડ વસ્તુમાં પણ કેવું સામર્થ્ય રહેલ છે કે જેથી પિતાપુત્રનો સંબંધ પણ ક્ષણમાં ( વિના અડકયે પણ ) ત્રુટી જાય છે. મહા પુરૂષોનું આ વાકય ' कस्यात्मा न वशाश्रके कामिन्या

कनकेनच સ્ત્રી અને લક્ષ્મીથી કોનો આત્મા પરાધીન થયો નથી?' બરાબર છે. કારણ [1]કેઃ—લોભથી કોણ હણાયો નથી?, સ્ત્રીથી કોનું હૃદય ભોળવાયું નથી?, મૃત્યુએ કોને પકડેલ નથી? અને વિષયમાં કોણ ગૃદ્ધિ પામ્યો નથી?; અર્થાત્ દરેક આ સ્થિતિઓ પામેલા છે.

કલિકાલ સર્વજ્ઞ–પ્રભુશ્રી હેમચંદ્ર કહે છે કે[2]:—લોભ એ સર્વ દોષોની ખાણ, દરેક સદ્ગુણોને ગળી જવામાં રાક્ષસ જેવો, અને દુઃખરૂપ વેલ (લતા) નું મૂળ, વધારે શું? સર્વ અર્થ (કાર્યમાં) નો બાધક છે. (આડે આવનાર–વિઘ્ન રૂપ છે).

હવે લોભી સુંદર શેઠ પુત્રને ઉંઘી ગયો જાણી, ઉભો થઇ શીઘ્ર તે આકડાના વૃક્ષ પાસે પહોંચ્યો. અને " ॐ नमो धरणेन्द्राय ॐ नमो धनदाय...... " ઇત્યાદિ મંત્રોચ્ચાર કરીને ભુમિ ખોદી આકડાને ઉખેડી નાંખ્યો. એટલે તેની નીચેથી ઉત્તમ ચળુ ( નિધિ ) દેખ્યો અને એ ધનની સાથે બીજો એક બહુ મૂલ્યવાળો–ઘણો કીંમતી રત્નનો હાર મળ્યો. આ શેઠ હર્ષઘેલો થઇ ગયો, અને તે રત્નહાર સહિત સઘળું ધન ત્યાંથી લઇને ( પોતાના પુત્રથી આ વાત ગુપ્ત રાખવા ) બીજે

---

१ को लोहेण न निहओ कस्स न रमणीइ भोलिअंहिअयं ।
को मच्चुणा न गहिओ को गिद्धोनेव विसएहिं ॥

२ आकरः सर्वदोषाणाम् गुणग्रसनराक्षसः ।
कन्दो व्यसनवल्लीनां लोभः सर्वार्थबाधकः ॥

ઠેકાણે ભોંયમાં નિશાની રાખીને દાટી દીધું, અને પાછો જ્યાં સુરપ્રિય સુતેલ છે તે તરફ જવા ચાલતો થયો. 'પરંતુ કપટ ત્યાં ચપટ' એ એના ખ્યાલમાં જ નથી.

સુંદર શેઠના જવા પછી આ સુરપ્રિય પણ થોડી વારમાં એજ કપટ વિચારો કરતો ઉઠયો, અને ધનની લાલસાથી એ આકડા વૃક્ષ તરફ થોડેક આગળ જતાં તેનો પિતા સુંદર શેઠ તેના સામો મળ્યો, લોભગ્રસ્ત હોવાથી કાંઇપણ પુછયા બોલ્યા વિના તે વૃક્ષ તરફ ચાલ્યો ગયો; પરંતુ '**भाग्यहीना न पश्यंति**' ત્યાં પહોંચે છે ત્યાં તો તે વૃક્ષ ઉખેડી નાંખેલ ને એક બાજુ ફેંકી દીધેલ સ્થિતિમાં જોઇને બહુ ખેદ કરવા લાગ્યો.

વિચાર કરતાં ખાત્રી થઈ કે આ કાર્ય નક્કી પિતાનું જ લાગે છે ! એમ નિશ્ચય કરી લોભમાં અંધ સુરપ્રિય શિઘ્ર પિતાની પાછળ દોડયો, સુંદર શેઠ પાસે આવીને પુછયું કે:– દરિદ્રી માણસના મનોરથોને જેમ તેનું અવળું દૈવ મૂળથી ઉખેડી નાંખે છે, તેમ આ આકડાના વૃક્ષને કોણે ઉખેડી નાંખ્યું ? પુત્રનું ક્રોધયુકત આ પ્રશ્નવચન સાંભળી સુંદર શેઠ તદ્દન અજાણ્યો થઇને કહેવા લાગ્યો કે હેં ! તું શું કહે છે ! હું આ બાબતમાં કાંઇ જાણતો નથી. (લોભને વશ માણસ કયું કામ કરતો નથી ? તો પછી માત્ર આટલું જુઠું બોલવા શા માટે અચકાય ?)

પિતાનું આવું મિથ્યા વચન સાંભળી મહા લોભગ્રસ્ત

સુરપ્રિય પણ અતિ ક્રોધી થઇ લોભમાં તદ્દન અંધો બની ( વિવેકનો ત્યાગ કરી ) પોતાના પિતાને મારી નાંખ્યો.

હા હા ! લોભ પિશાચ કેટલો વિકરાલ છે ? કે જેના પ્રભાવથી પિતા પુત્રનો સંબંધ પણ ક્ષણમાં નષ્ટ થઈ ગયો ? શાસ્ત્રકારનું આ વચન બહુ વિચારણીય છે.

रतिंधा[1] दीहंधा[2] जच्चंधा[3] माय[4] माण[5] कोवंधा[6] ।
कामंधा लोहंधा इमे कमेणं विसेसंधा ॥

રાત્રી અંધ, દિવસ અંધ, જાતિ અંધ, માયા અંધ, માન અંધ, ક્રોધ અંધ, કામ ( વિષય ) અંધ, અને લોભાંધ આ આઠ પ્રકારના અંધ કહેલ છે; તેમાં એ અંધપણું ઉત્તરોત્તર અકેકથી ચઢીયાતું છે. [ એટલે કે બધા અંધ કરતાં લોભ અંધો એ છેલા [ પુરા અંધની ગણત્રીમાં છે. ]

कोहो पीइं पणासेइ माणो विणयनासणो ।
मायामित्ताणि नासेइ लोहोसव्वविणासणो ॥

ક્રોધ, પ્રીતિ-પ્રેમનો નાશ કરે છે, માન અહંકાર-વિનયનો નાશ કરે છે, માયા કપટ મિત્રપણાનો નાશ કરે છે; ( પરંતુ ) લોભ સર્વ ( ગુણ ) નો ક્ષય કરનાર છે.

વળી શાસ્ત્રમાં ઘડપણ, તૃષ્ણા, યાચના, આત્મપ્રશંસા, લુચ્ચા, ઠગ લોકોની સેવા, ચિંતા અને લક્ષ્મી, આટલા વાનાથી અકેક ઉત્તમ વસ્તુ ( ગુણ ) નો નાશ થાય છે.

[1]જેમકે—ઘડપણ રૂપ (લાવણ્ય) નો નાશ કરે છે, આશા સર્વ સુખનો, યાચકપણું મહત્વ (મોટાઇ) નો, આત્મ પ્રશંસા ગુણનો, નીચની સેવા પુરૂષના અભિમાનનો, ચિંતા બલનો નાશ કરે છે; અને લક્ષ્મી, પૈસો (મદમાં આવવાથી કાર્યા કાર્યને જોતો નથી તેથી) દયાનો નાશ કરે છે.

હવે આ સુંદર શેઠનો જીવ મરીને ત્યાંજ હારને સ્થાને ઘોના જીવરૂપે ઉત્પન્ન થઈ (પૂર્વની મૂર્છાથી) તેનો રક્ષક હોયની ! તેમ ત્યાં ફર્યા કરે છે.

આ સુરપ્રિય (પિતાને માર્યા પછી પણ તે કુકર્મનો પશ્ચાત્તાપ તો નથીજ પણ ઉલટો) ધન લાલસામાં ગ્રસ્ત થઈ ત્યાં તે ધનની ચોતરફ તપાસ શોધ કરે છે પણ તે નિધાન તેને જડયું નહિ. એમ ઘણીવાર શોધ કરતાં પત્તો લાગતો નથી છતાં, જેમ અભવ્ય જીવ ભવ-સંસારમાં (પરિભ્રમણ) વાસને છોડતો નથી ! તેવી રીતે આ સુરપ્રિયે પણ તે સ્થાન (માં પરિભ્રમણ) છોડયું નહિ; અને ત્યાં ને ત્યાં તપાસ કરતો ભટકયા કરે છે.

એક વખત એ (સુંદર શેઠનો જીવ) ઘો તે નિધાનમાંથી મનોહર રત્નહારને જમીનમાંથી બહાર કાઢીને, પૃથ્વી ઉપર મુકીને તેના ઉપર આળોટવા માંડયું. ખરેખર “લોભનું વિલસિત વિચિત્ર છે.”

---

१ रूपं जरा सर्वसुखानि तृष्णा याच्ञामहत्वं गुणमात्मशंसा।
खलेषु सेवा पुरुषाभिमानं चिंता बलं हंति दयां च लक्ष्मीः॥

આ વખતે ત્યાંને ત્યાં નિરંતર ફરતા સુરપ્રિયે આ હારને દેખ્યો. એટલે એકદમ તે હાર લઈ લેવાને ઉત્સુક થઇ, તેમજ મહા ક્રોધમાં આવી તે ઘોને મારી નાખીને હાર લઇ લીધો. શાસ્ત્ર કહે છે[1] કેઃ–' ધન અને સ્ત્રી (કંચન અને કામિની) માટે કોણ નિંદ્ય કર્મ કરતો નથી ? તેમાં પણ રાગ દ્વેષથી ભરેલો તો ધન, સ્ત્રી માટે શું ન કરે ? '

હવે આ સુરપ્રિય પોતાને ઇચ્છિત પ્રાપ્તિ થવાથી ઘર તરફ જવા તૈયાર થઇ પ્રયાણ કરે છે, એટલામાં ત્યાં નજીકમાંજ કાઉસ્સગ ધ્યાને રહેલા મહા ક્ષમાવંત એક મુનીશ્વરને જોઇને મનથી શંકિત થયો, [કે આ મુનિએ મારી દુશ્ચેષ્ટા જોઇ હશે તેથી રખેને ! કયાંક કોઇને કહી દેશે તો ? ] અને વિકલ્પ કરતો ઘેર પહોંચ્યો; ઘેર પહોંચી શરૂઆતથી અત્યાર સુધી જે બીના બની તે બધી પોતાની સ્ત્રીને કહી સંભળાવી.

આ સર્વ વાત સાંભળી (તેનાજ જેવી લોભીણી) આ સ્ત્રીએ સ્વપતિ સુરપ્રિયને કહ્યું કેઃ–षट्कर्णोभिद्यत्तेमंत्रश्चतुःकर्णोनभिद्यते છ કાને ગયેલી વાત સર્વત્ર (ફુટી) ફેલાઈ જાય છે, પણ ચ્યાર કાને ગયેલી ફેલાતી નથી ' તો આપણો રાજા ધનનો લોભી હોવાથી તે મુનિ કદાચ રાજાને આ વાત કહેશે તો આપણો આ હાર રાજા છીનવી લેશે ! માટે આપણા શત્રુરૂપ એ મુનિને જાનથી મારી નાખવો યોગ્ય છે.

---

१ धनार्थमंगनार्थं च गर्हितं कर्म किं नहि ।
नरः प्रकुरुते राग–द्वेषाभ्यां प्रेरितोधिकम् ॥

સુરપ્રિય પણ વિચાર કરી ( લોભ અને સ્ત્રી વશ થઇ ને વિવેકથી વિમુખ બની) તે મુનિને હણવા ફરીથી તે સ્થાને ગયો.

ત્યાં આવીને મુનિ સંમુખ અનેક કઠોર તિરસ્કાર વચનોથી મુનિને કહે છે કેઃ–હે સાધો ! મેં મારા મનમાં શું ચિંતવ્યું છે ? એ જલ્દી કહી દે ! નહિતર આ તલવારથી તને મારા હાથે મારી નાખીશ. ( જોવાનો પ્રસંગ ખરો આવ્યો છે એટલે કે, સુરપ્રિય આટલો બધો કષાયથી રંગાઇ ગયો છે, જ્યારે સમતા રસને ઝીલતા ક્ષમા ભંડાર મુનીશ્વર સમતા સમુદ્રમાં સ્નાન કરી રહ્યા છે. ) મતિ–શ્રુત–અવધિજ્ઞાન–આ ત્રણ જ્ઞાનવાળા મહામુનીશ્વરે ( જ્ઞાનથી ) લાભ થવાનો જાણીને કાઉસ્સગ્ગ પારી સુરપ્રિયને આ રીતે કહ્યું કેઃ—

હે ! સુરપ્રિય ! ( તું તારૂં પૂર્વ ભવનું વૃત્તાંત સાંભળ ! જેથી તને સમજાશે કે આટલો ક્રોધ ને લોભ થવાનું કારણ શું છે ? )

તું પૂર્વભવમાં જંગલમાં હાથી રૂપે હતો, અને તેજ જંગલમાં તારો પિતા સુંદરશેઠ બલિષ્ઠ સિંહરૂપે હતો. જન્મવેરી એ સિંહે હાથીને મારી નાંખ્યો. કેટલાક વખત પછી તે સિંહને પણ અષ્ટાપદ નામના જાનવરે મારી નાંખ્યો, અને તે સિંહનો જીવ મરીને નરકે ગયો, ત્યાં નરકનું આયુષ્ય પૂરૂં કરી એ સિંહનો જીવ [ અહીં ] સુંદરશેઠ તારા પિતા પણે ઉત્પન્ન થયો, અને તું પણ ત્યાં હાથીના ભવમાંથી મરીને અનેક ભવો રઝલતો રઝલતો, આ તે શેઠના પુત્રપણે ઉત્પન્ન થયો છે, પૂર્વ

[હાથી ભવ] ના વૈરથી લોભના બ્હાને તેં તારા પિતાને મારી નાંખ્યો, અને તે પણ મૂર્છાવશ મરીને અહીંજ ઘોપણે ઉત્પન્ન થઇ હારના રક્ષક જેવો રહેતો હતો, તેં દુષ્ટે દુષ્ટ પરિણામથી તેને પણ મારીને હાર ગ્રહણ કરી લીધો; અને એ ઘો મરીને સિંચાણા પક્ષીરૂપે ઉત્પન્ન થયો છે.

હાર લઇને તારા ઘર તરફ જતાં મને તેં દેખ્યો, અને તારા મનમાં પાપ ફુટયાના ભયની શંકા થઇ, તેથી પુનઃ અહીં મને મારવાને આવેલ છે. આ પ્રમાણે તારા મનની વાત તારા પૂર્વ ભવના વૃત્તાંત સાથે કહી.

મુનિની અમૃત જેવી મધુરવાણીનું પાન કરતાં સુરપ્રિય-નો ક્રોધ [ અગ્નિ ] શાંત થઇ ગયો, અને પૂર્વ ભવનું વૃત્તાંત સાંભળવાથી વૈરાગ્યવાળો થઇ મનમાં આ રીતે વિચાર કરવા લાગ્યો, અહા ! મહાપાપી મેં આ [એવું તો] અતિનિંદ્ય દુષ્કર્મ કરેલ છે કે જે પાપથી મને મહાદુખઃની ખાણ એવા નરકમાં પણ જગ્યા નહિ મળે, અરેરે ! મહામૂર્ખાઇવાળો હું પાપ-વૃક્ષ-વાવી બેઠો છું. કે જેનાં અતિ દુખઃદાયક એવાં નિંદ્ય [ જગ-તના ધીટકારરૂપ ] પુષ્પો અને કડવાં ફળ ને ભોગવવાં પડશે. કારણ કે શાસ્ત્રમાં પણ કહે છે કેઃ—'[ કોઇ પ્રાણીના ] વધ, નાશ જુઠું આળ આપવું, અને પરધન હરણ, આમાંનું કોઇ પણ પાપ એક વખત કર્યું હોય તોપણ તેનો વિપાક ઓછામાં ઓછું દશગણું તો ભોગવવું પડે છે. અને એજ પાપ—મહાતીવ્ર કષાયથી ઘણા ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાયથી કરેલ હોય તો

તેનો વિપાક સોગુણો, લાખ ગુણો, અને ક્રોડ ક્રોડ ગુણો પણ ભોગવવા પડે[1] છે.'

એ રીતે વિચાર કરી પશ્ચાત્તાપ–ખેદ કરીને સુરપ્રિય મુનીશ્વરને વિનંતિ કરવા લાગ્યો કે:–હે કરૂણા સમુદ્ર! આમારી દુષ્કર્મની પીડાને દૂર કરે [ નાશ કરનાર ] તેવું કર્તવ્ય–કરણી મને ફરમાવો [બતાવો] ? જે પશ્ચાતાપ કરી રહ્યો છે અને ક્રોધ પણ શાંત થઇ ગયો છે, એવા સુરપ્રિયને મુનીશ્વર [ ઉપદેશ કર્યો ] કહે છે કે:–હે ભાઇ! સુખની ઇચ્છાવાળાએ અર્હંત્–પરમાત્મા–વીતરાગ–સર્વજ્ઞ એ કહેલ [ જૈન ] ધર્મનું આરાધન કરવું, ને મહાશત્રુ એવા રાગ–દ્વેષને હણવા જોઇએ, સંસાર વૃદ્ધિમાં મૂળ હેતુ એ બેજ છે. કારણ[2] કે– જો રાગ ને દ્વેષ એ બે ન હોય તો કોણ દુ:ખ પામે ? અથવા સુખ સંબંધી કોણ આશ્ચર્ય પામે ? અને મોક્ષ પણ કોણ ન પામે ? વળી ક્રોધ માન, માયા અને લોભ–દુર્ગતિ દેનારા, વૈર કરવામાં મૂળ કારણ અને સત્યધર્મરૂપ ધનને હરવામાં ચોર જેવા એ ચાર કષાયોનો ત્યાગ કરવો.

---

१ बहुमारण अब्भरकाण दाण परधण विलोवणाईणं ।
सव्वजहन्नोउदओ दसगुणिओ इक्कसि कयाणं ॥
तिव्वपरेउ पउसे सयगुणिओ सयसहस्स कोडि गुणो ।
कोडाकोडिगुणोवा हुज्जविवागो बहुतरोवा ॥

२ को दुक्खंपाविज्जा कस्सव्वसुखेहिंविम्हओहुज्जा ।
को व न लभिज्ज मुक्खं रागद्दोषाजईनहुज्जा ॥

કેમકે[1] દેહરૂપ તુરંગ ( જેલ ) માં પુરાયેલ આત્માના એ ( ક્રોધાદિ ) ચારેય પહેરદાર છે, અને એ ચોકીદારો ( કષાયો) જ્યાં સુધી જાગતા છે ! ત્યાં સુધી આ આત્માનો દેહથી ( સર્વથા કર્મથી છુટા પડવું ) મોક્ષ ક્યાંથી હોય ?, મુનિવરનો મહા વૈરાગ્યગર્ભિત ઉપદેશ સાંભળી પરમ વૈરાગી થયેલ સુરપ્રિય ગુરૂના ચરણે નમસ્કાર કરીને પોતાને ઘેર ગયો; અને પોતાની ભાર્યાને ત્યાંનો સઘળો પ્રસ્તાવ ( હકીકત ) જણાવીને કહ્યું કે આ ( મહા દુર્ગતિદાયક ) હારને રાજાને આપીને હું (મહા સુગતિદાયક જૈની) દીક્ષા નક્કી ગ્રહણ કરીશ. ત્યાર પછી સ્ત્રીને કહ્યા મુજબ રાજાને હાર અર્પણ કરી, ( તરણ જહાજ ) ગુરૂપાસે ચરિત્ર ગ્રહણ કર્યું; અને વિનયાદિ ગુણવાળા થઈ તે સુરપ્રિય મુનિ, જ્ઞાન ધન નિરંતર પ્રાપ્ત કરવા લાગ્યા.

ધન લક્ષ્મીની મૂર્છાનો ત્યાગ કરવા છતાં તપરૂપ ધનની વૃદ્ધિ કરતા, મમત્વરહિત, શત્રુ મિત્ર ( બેઉ ) ઉપર સમાન દૃષ્ટિવાળા એવા આ જિતેંદ્રિય સુરપ્રિય મુનિ અનેક ગામ, નગરમાં વિચરતા સંયમધ્યાનમાં રમણતા કરી રહ્યા છે.

વિહાર કરતાં આ મુનિવર કે જેને પોતાના શરીર ઉપર પણ મૂર્છા નથી એવા તે એક વખત સુશર્માનગરીના બહારના ભાગમાં આવીને કાઉસ્સગ્ગધ્યાને રહી શુભ ધ્યાનમાં મગ્ન રહેલ છે.

---

१ कषाया देहकारायां चत्वारो यामिकाइव ।
यावज्जागर्ति पार्श्वस्था स्तावन्मोक्षः कुतो नृणाम् ॥

[ મુનિરાજ તો ભલેને શમભાવમાં રમી રહેલ છે, પણ તેનાં કર્મો ક્યાં શમભાવમાં બેઠા છે ?

'कृत कर्मक्षयो नास्ति कल्पकोटीशतैरपि ।
अवश्यमेवभोक्तव्यं कृतंकर्मशुभाशुभं' ॥

ક્રોડો સેંકડો યુગો ચાલ્યાં જાય તો પણ કરેલા (નિકાચિત) કર્મનો ( ભોગવ્યા વિના ) ક્ષય થતો નથી. એટલે કે શુભ કે અશુભ જે કર્મ કર્યું હોય તે અવશ્ય ભોગવવું પડે છે. આ જ્ઞાનીના વચન બરાબર છે. અહિંઆં મુનિવરને પણ નિઃસંગ થયા છે છતાં એ કર્મ તો નજીક આવી પહોંચ્યું. ]

મુનિવર ધ્યાનાવસ્થામાં લીન છે, એ અરસામાં તે નગરીના રાજાની મુખ્ય પટ્ટરાણી પ્રાતઃકાળે પોતાનો હાર ( કે જે પહેલાં સુરપ્રિયે રાજાને સમર્પણ કર્યો હતો) વિગેરે શય્યા ઉપર મુકીને સ્નાન કરવા ગઇ, આ અવસરે તે સિંચાણા પક્ષીએ ( કે જે સુંદર શેઠનો જીવ છે તે) આકાશ તળમાં ફરતાં આ હારને જોયો, અને તુર્ત ગોખમાંની બારીથી અંદર આવી ચાંચવતી તે હાર ઉપાડી ઉડી ગયો, અને જ્યાં એ મુનિ ધ્યાનસ્થ છે ત્યાં જઇ પૂર્વના વૈરનો બદલો વાળવા તે હાર મુનિના કંઠમાં નાંખી દીધો, ( છતાં મુનિ તો નિશ્ચલ છે ) અહીં રાણી સ્નાન કરી વસ્ત્રો ધારણ કરી હાર લેવા જાય છે ત્યાં હાર ન મળ્યો, એકદમ હોહાકાર થઇ ગયો, અને દાસી દ્વારા આ વાત રાજાને નિવેદન કરી, ભૂપાલે તુર્ત પોલીસોને એ હારની શોધ કરવા હુકમ કર્યો, ક્રુર–વિકરાલ એ પોલિસો ચોતરફ દોડયા. અને નગર પરાં

બાગબગીચા વાડીઓ અને ચોરોને રહેવાના ખીણ ખંડિએર વગેરે સ્થળે શોધ કરી; પણ કયાંય પણ તે હારની શુદ્ધિ ન મળી, જંગલ અટવી તરફ શોધ કરતાં પ્રતિમા ( કાઉસ્સગ્ગ ) ધારી, નિષ્પાપ આ મુનિરાજના કંઠમાં હાર તે પોલીસોએ જોયો, અહા ! કર્મની વિટંબના વિચિત્ર છે! કંઠમાં હાર જોઈ આજ ચોર છે ! એમ માની તે નિર્દોષ મુનિને બાંધીને રાજા પાસે લઈ ગયા.

રાજા પણ (આ મુનિ છે તો તેનું આવું ચેષ્ટિત ન સંભવે વિગેરે કાંઈપણ વિચાર્યા વિના) ક્રોધાતુર થઈ અનેક તિરસ્કારનાં વચનોથી તર્જન કરવા લાગ્યો. ( અનેક યુકિતથી ચોરી કારણ પુછ્યું. પણ જેને કરેલ કર્મ ભોગવવાની દ્રઢતા છે, અને કઈ રીતે પણ કર્મ મુક્ત થઉં ! એજ અહોનિશ પ્રયત્ન કરી રહ્યા છે, તેને આવા ઉપસર્ગો આવતાં કર્મ ક્ષયાર્થ-મૌનજ શ્રેય-હોય છે, અને શુભ ધ્યાનથી અધ્યવસાયની શ્રેણીએ ચઢવાનું હોય છે, તેથી ) આ મુનિ તો શુભ ધ્યાનમાંજ ચિત્તને જોડીને મૌન રહ્યા.

કાંઇ ઉત્તર ન મળવાથી રોષારૂણ થયેલ રાજાએ મુનિને ( તે મુદ્દો કંઠમાં હોવાથી ) કંઠ પાશ ( ગળે ફાંસો ) દેવાની શિક્ષા ફરમાવી, રાજપુરૂષોએ તુર્ત કંઠપાશ દીધો, પણ દેવ સાનિધ્યથી તે પાશ તુર્તજ કાચા તાતણા માફક ત્રુટી ગયો, રાજાએ ફરીથી એજ હુકમ કર્યો, પરંતુ બીજીવાર પણ પાશ ત્રુટી ગયો, આથી અતિ છંછેડાયેલ રાજાએ ફરીથી પાશ આપવા કહેવાથી નોકરોએ ત્રીજીવાર પાશ દીધો, પણ મુનિવરના

પ્રબલ પુન્યોદયે ત્રીજીવાર પણ ત્રુટી ગયો, આમ થવાથી ભૂપાળ મનમાં બહુ આકુલ થઇ ( છંછેડાઇ ) ને ( આ ત્રણ ત્રણ વખત આમ થવાનું શું કારણ હશે ? વિગેરે કાંઇ પણ તર્ક કર્યા વિનાજ, ખરૂં છે કે ' ક્રોધ ત્યાં વિવેક ન હોય ' ) હુકમ કર્યો કે ' આ દુષ્ટ બુદ્ધિવાળાને શુળીએ ચડાવો '

રાજપુરૂષોએ હુકમને માન આપી તુર્ત આ મુનિને ગર્દભ ઉપર બેસારી આખા નગરમાં ફેરવતા, અનેક પ્રકારની નિંદા-ફરતા, તાડન, તર્જન યુક્ત ડિંડિંમ ( પટહ ) વગાડે છે કેઃ—" રાજાનો હાર ચોરનાર આને વધ્યસ્થાને લઇ જઇને ફાંસી દેવાશે માટે આવા કૃત્ય કરનારને આવી શિક્ષા થશે. " ( પો-લીસ વગેરે આ રીતે વિટંબના કરી રહેલ છે જ્યારે ) આ મુનિ પુંગવ તો આ બધું ' પૂર્વ કર્મનો વિપાક ઉદય આવેલ છે ' એમ જાણી ક્ષમાયુક્ત સર્વ સહન કરી રહ્યા છે, એ રીતે અનેક વિધ વિટંબના કરતાં વધ્યસ્થાને મુનિપ્રવરને લાવ્યા, ત્યાં રાજ-પુરૂષોએ મુનિને કહ્યું કે શુલી ચડાવવામાં નિર્દય ( નિર્દય ) અમે હાલજ શુળીએ ચડાવીશું ! માટે તારા ઇષ્ટ દેવને સંભાર્ય, અને કાંઇ કહેવું હોય તે કહે !

આવો વિષમ પ્રસંગ આવવા છતાં પણ ધર્મમાંજ દૃઢ, અને માત્ર કર્મ ક્ષય કરવામાંજ ઉદ્યમી, એવા આ મુનિ પ્રસન્ન ( જરાય ખેદ રહિત ) મુખે ત્યાં પણ અંતિમ દશા આવી તોય મૌનજ રહ્યા. પૂર્વ પુરૂષોની આ વચનિકા આવા ધીર પુરૂષોને માટે યોગ્યજ છે.

**दुव्वयणहणणमारण धम्मब्भंसाण बालसुहाणं ।**
**लाभंमन्नइधीरो जहुत्तराणं अलाभम्मि ॥**

કોઈને દુષ્ટ વચનો કહેવાં, અથવા હણવું, મારવું, કે ધર્મથી ભ્રષ્ટ કરવા વગેરે આવાં દુષ્કૃત્યોમાં બાલ (તાત્વિક દૃષ્ટિથી નહિ જોનાર) જીવો આનંદ માને છે.

કિંતુ ધીર પુરૂષો તો (કોઈ દુર્વચનાદિ દુઃખ આપે ત્યારે) આ રીતે વિચારે છે. કેઃ-અરે! તેણે ગાળ આપી છે ને? કંઇ મને હણ્યો તો નથી, તેથી (ગાળી દેવાથી) મને શું હાનિ છે?, વળી કોઇ હણે તો તે વિચાર છે કે તેણે મને હણ્યો પણ કંઇ મારી નાંખ્યો તો નથી ને? તેથી મને શી ક્ષતિ છે?, કદાચ કોઇ મારી નાંખે ત્યારે વિચારે કેઃ-મને મારા દેહથી જુદો કર્યો પણ મારા ધર્મથી તો ભ્રષ્ટ કર્યો નથી ને? તેમાં મને શું નુકશાન છે?; (કારણ ગમે તે રીતે પણ મારે ધર્મનુંજ રક્ષણ કરવું એ જ મારી સાધનાનું લક્ષ્ય છે.) તાત્પર્ય એજ કેઃ-બાલ જીવોને આમાં આનંદ છે ત્યારે સાત્વિક જનો ઉત્તરોત્તર દુઃખ આવે નહિ તેને જ લાભ માને છે.

અંતે પોલીસોએ શુળીએ ચડાવ્યા, જ્યારે મુનિપ્રવરે પોતાના અધ્યવસાયોને શુકલધ્યાનની શ્રેણીએ ચઢાવ્યા, અને શુકલધ્યાનરૂપ અગ્નિ સંયોગથી તેનાં કર્મરૂપ કાષ્ઠ (લાકડાં) ક્ષણમાં ભસ્મ થવા લાગ્યાં. આમ અવિચ્છિન્ન ધ્યાન ધારા વધતાં ત્યાં શુળી ઉપરજ લોકાલોકના સ્વરૂપને (હથેળીમાં રહેલ પદાર્થ માફક) જ દેખાડનારૂં **કેવલજ્ઞાન** પ્રાપ્ત કર્યું,

અને એ શુળીને સ્થાને દેવોએ આવીને સુવર્ણ કમલ (સિંહાસન) બનાવી દીધું, ( અહો ધૈર્યમ્ અહો ધૈર્યમ્ની ઉદ્ઘોષણા થવા લાગી ) અને દેવો વિગેરેથી સ્તુતિ કરાતા આ કેવલીમુનિ તે સુવર્ણ કમલ ઉપર બિરાજ્યા.

આવી આશ્ચર્યકારક ઘટના જોઇને રાજપુરૂષો તો ચકિતજ થઇ ગયા, અને આ પ્રસંગરંગ સર્વ રાજાને જણાવ્યો. આવી વાત સાંભળી રાજા એકદમ પશ્ચાતાપ કરવા લાગ્યો કેઃ– હા ! હા ! મેં મહા પાપ કર્યું, અરે ! લોભવશ ચિત્તવાળા વિવેક શૂન્ય મેં આ નિર્દોષ મહાત્માને ચોર તરીકે કલંકીત કર્યો!

एकंहिचक्षुरमलं सहजो विवेकः
तद्वद्भि रेव गमनं सहजंद्वितीयं ।
पुंसो न यस्य तदिह द्वयमस्ति सोंध-
स्तस्यापमार्गचलनेखलु कोपराधः ॥

ઉત્તમ પુરૂષો–આ દેખાતી ચક્ષુને ચક્ષુ કહેતા નથી. કિંતુ તાત્વિક ચક્ષુને જ ચક્ષુ કહે છે ને તે એજ કેઃ— સ્વાભાવિક પ્રકટ થયેલ નિર્મલ વિવેક એ એક ચક્ષુ છે, અને તેવા વિવેકી જનોની સાથે રહેવું, તે બીજું ચક્ષુ છે. તાત્પર્ય– સ્વાભાવિક વિવેક, અને વિવેકવંત સાથે વાસ; આ બે ચક્ષુથી જોનારને જ દેખતો કહેતો છે, પણ જે પુરૂષ એ બે ચક્ષુથી હીન છે, તે ( પ્રત્યક્ષ બે આંખવાળો હોય છતાં ) અંધોજ છે, અને તેવો અંધો કુમાર્ગે ચાલે તો તેમાં તેનો શો અપરાધ ?

એ રીતે ખેદ-પશ્ચાત્તાપ કરતો રાજા ખુદ ત્યાં આવીને મારી બહુ ભુલ-મહા અપરાધ થયો છે, એમ શ્રીસુરપ્રિય કેવલી મુનિને નિવેદન કરીને તેને ચરણે નમસ્કાર કર્યો.

પછી સુર-અસુર-મનુષ્યાદિના સમૂહથી જેના ચરણ-કમલની સેવા થઇ છે, એવા સદ્‌ગુરૂને હારનું વૃત્તાંત (મુદ્દો) શું હતું એ રાજાએ પુછયું.

રાજાના આ પ્રશ્નના ઉત્તરમાં કેવળી મુનિએ પોતાનું નગર-પિતા-વગેરે પરમ વૈરાગ્યકર એવું વૃત્તાંત કહી સંભળાવ્યું ( જે આ ચરિત્રમાં પૂર્વે આવી ગયેલ છે).

હવે અહીં પેલો સીંચાણો પક્ષી ( કે જે સુંદર શેઠનો જીવ છે તે ) જયારે તેણે મુનિના કંઠમાં હાર નાંખ્યો હતો, ત્યારથી હવે આને શું શું દુઃખ વિટંબના થાય છે, તે પૂર્વના વૈરથી જોવા આકાશમાં ફરતો, પોલીસ અટવીમાંથી બાધીને લઇ ગયા ત્યાંથી તે શુળી સ્થાને લાવી મુકયા, તે બધું જોતો જોતો છેવટ જયારે મુનને શુળીએ ચડાવ્યા ત્યારે પણ ત્યાં નજીકનાં વૃક્ષ ઉપર બેઠો હતો. હવે આ સર્વ પૂજ્યપદ પામેલા મુનિવરે જે વખતે રાજાને સઘળું પૂર્વે બનેલું તેનું બ્યાન કર્યું ! તે બધું વૃક્ષ ઉપર બેઠેલા સિંચાણાએ સાંભળ્યુ, અને તે બધી હકીકત પોતાની અનુભવેલી હોવાથી વિચારણામાં જાતિ સ્મરણ જ્ઞાન પામ્યો; તેથી પૂર્વના ત્રણ ભવની બધી સ્થિતિ જાણવામાં આવી.

અને એકાએક પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો કે અહા! હું મહાપાતકી છું, એમ ખેદ-પશ્ચાતાપ કરતો તુર્ત વૃક્ષ ઉપરથી નીચે ઉતરીને વિનય-વિવેકપૂર્વક તે મુનિવરના ચરણકમલમાં નમી પડયો. થોડા જલમાં જેમ માછલું તરફ્ડીયાં મારે તેમ આ પક્ષી પણ પાપકૃત્યના પ્રભાવે સર્વસ્વ હારી જવાથી અતિ ખેદ કરતો-કંપતો-ધ્રુજતો-લાંબા શ્વાસ લેતો-મુકતો, દુઃખના આંસુથી ભરેલી દૃષ્ટિએ ઘણો આકુલ-વ્યાકુલ થઇ ને, જેમ અગ્નિથી તપાવેલ કડાયામાં પડેલ ચણાનો દાણો જેમ ઉછળે ને પડે, તેમ આ પણ પૂર્વે કરેલ પાપના સ્મરણથી દુઃખી થતો ઉડવા-પડવા લાગ્યો, અને મનમાં વિચારવા લાગ્યો કે દરિદ્રી (બ્રાહ્મણો) એ જેમ ચિંતામણી રત્નને પ્રમાદથી સમુદ્રમાં નાંખી દીધું, ને કરેલ પરિશ્રમ નિષ્ફળ કર્યો! તેમ મેં પણ આ પ્રમાદ (લોભ) વશ મનુષજન્મ ફોકટ ગુમાવી દીધો, તો હવે જીવવાથી શું વિશેષ છે? એમ વિચારીને પોતાની ભાષામાં એ કેવળીમુનિને અર્જ કરી કે:-હે પ્રભો! (યાવત્ મોક્ષના પણ) સુખને દેનાર અનશન તપ આપો! કૃપાળુ કેવલીમુનિએ પણ તેને અનશન કરાવ્યું, અને શુભ ધ્યાન યોગે તે પક્ષી આયુપૂર્ણ કરીને **સૌધર્મ** નામના પહેલા દેવલોકે ઉત્પન્ન થયો.

પક્ષીનું આવું વિસ્મયકર સ્વરૂપ દેખીને રાજાએ ગુરૂને પુછયું કે, હે વિભો! આ પક્ષી કોણ છે? એ મને સંશય છે,

ગુરૂ મહારાજે કહ્યું કે એજ મારા પિતાનો જીવ છે. હે

રાજન્ ! [ એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. ] કારણ કે શાસ્ત્રમાં કહેલ છે કે, " **विचित्रा कर्मणां गतिः** " કર્મની ગતિ વિચિત્ર છે. આ સર્વ પૂર્વનું વૈર અને લાભ વિલસિત સ્થિતિવાળું પિતા પુત્રનું ચરિત્ર સાંભળીને, રાજા સંસારથી વિરકત થઇ, રાજ્યનો ત્યાગ કરીને એજ [ કે જેને એક વખત આખા નગરમાં ફેરવી વિડંબિત કર્યા હતા ] ગુરૂ પાસે સંજમ અંગીકાર કર્યું.

અતિચાર રહિત નિર્દોષ ચારિત્ર ઘણા વખત સુધી પાળીને–આયુ પૂર્ણ થયે એ રાજા મરીને પાંચમા દેવલોકે મહા ઋદ્ધિવાળા દેવપણે ઉત્પન્ન થયો. [ આ તો ઘણા દિવસ ચારિત્ર પાળીને દેવ લોકે ગયા–પણ એક દિવસ પણ પાળેલ ચારિત્ર વૈમાનિક (દેવ) પણું આપે છે. ] તેને માટે આગમમાં કહેલ છે કેઃ—

**एगदिवसंपिजीवो पवज्जमुवागओ अनन्नमणो ।**
**जइविनपावइ मुरकं अवस्स वेमाणिओ होइ ॥**

જે જીવ એક દિવસ પણ ચારિત્રને ગ્રહણ કરીને એક ચિત્તે રહેલ હોય, અને તેજ દિવસે તેનું આયુ પૂર્ણ થયું હોય તો [જો કે પૂર્વે આયુષ્ય બંધ ન પાડયો હોય તો તે મોક્ષે જાય પણ ] કદાચ મોક્ષ ન પામે તો વૈમાનિક દેવ તો અવશ્ય–ચોક્કસ થાય છેજ.

આ સુરપ્રિય કેવલી મુનિ પણ ઘણા વખત સુધી પૃથિવી-

તલને પાવન કરતા, અનેક ભવ્યોને પ્રતિબોધ કરી–અન્તે કર્મનો ક્ષય કરી **મોક્ષપદ પામ્યા.**

આ પ્રમાણે પ્રભુશ્રી મહાવીરદેવ–આત્મનિંદા કરવાથી યાવત્ મુક્તિના સુખ મેળવનાર સુરપ્રિય મુનિનું ચરિત્ર કહીને [ શ્રી ગૌતમ સ્વામીને કહ્યું કે: ] હે ગૌતમ ! આ રીતે એ ત્રણેય ( પુત્ર–પિતા–રાજા ) ને આત્મનિંદા ઉત્તમ ફલ દેનારી થઇ; **માટે દરેકે આત્મનિંદા કરવી પણ આત્મ સ્તુતિ કરવી નહિ.**

શ્રી વીરપ્રભુનું આવું બોધક વચન ઘણા પ્રમોદયુત સાંભળીને શ્રી ગૌતમ સ્વામી આત્મ શ્રેયઃ કરતા ( અનેક ભવ્યોને પ્રતિબોધ કરતા–પ્રભુજી સાથેજ પૃથ્વીતલમાં વિચરવા લાગ્યા.

## ગ્રંથકારની પ્રશસ્તિ.

શ્રી તપાગચ્છરૂપ ગગનમંડળમાં સૂર્યસમાન શ્રી વિજયસેનસૂરીશના લઘુ શિષ્ય કનકકુશળ ( ગણી ) સંવત ૧૬૫૬ ની સાલમાં સ્વ–પરને ઉપકારક આ કથા ( પ્રબંધ ) હાલીવાટક ( વાડા ) ગામમાં લખી–રચી છે. તે દરેકના કલ્યાણને અર્થે થાઓ. ઇતિશમ્.

## ભાષાંતરકારની પ્રશસ્તિ.

શ્રીમત્તપાગચ્છગગનદિનમણિ મુનિગણવૃદ્ધિકારક શ્રીમન્ મુક્તિવિજય [ મૂળચંદ ]જી ગણિ પટ્ટધરશિષ્ય બાલબ્રહ્મચારિ

શ્રીમદ્વિજયકમળ સૂરીશ્વર શિષ્ય પંડિત પ્રવર અનુયોગાચાર્ય પંન્યાસજી શ્રીમન્ મોહનવિજયજીગણિજીના પ્રતાપે આ ગ્રંથનો ગુર્જર ભાષામાં અનુવાદ બોટાદ ગામમાં સંવત ૧૯૭૫ પર્યુષણા આદ્ય દિવસે પૂર્ણ કર્યો છે. તેનાથી અનેક ભવ્યો આત્મહિતમાં પ્રવૃત્તિ કરી સમકીતાદિશુદ્ધ ગુણો પ્રાપ્ત કરી યાવત્ મોક્ષ મેળવો એજ આ પ્રયત્નના ફલની પ્રાર્થના છે.

## શ્રીમન્ મુક્તિકમળ જૈન મોહનમાળા તરફથી
## પ્રકટ થએલ-થતાં-થનાર

# પુષ્પો ( પુસ્તકો ).

### તૈયાર છે.

| પુષ્પ | નામ | મૂલ્ય |
| --- | --- | --- |
| ૧ | અનિત્યાદિ ભાવના સ્વરૂપ— | ભેટ |
| ૨ | શ્રી જિનેંદ્ર સ્તવાદિ ગુણ મોહનમાળા | ૦-૬-૦ |
| ૩ | ગુજરાતનું ગૌરવ યાને વિમલ મંત્રીનો વિજય | ... |
| ૪ | શ્રી દેવગુરૂ વંદનાદિ વિધિ સંગ્રહ. | ભેટ |
| ૫ | શ્રી સુબોધ પાઠ સંગ્રહ | ,, |
| ૬ | શ્રી પોસહ વિધિ | ,, |
| ૧૦ | શ્રી વિપાક સૂત્ર ટીકા તથા મૂળની સંસ્કૃત છાયા સાથે | ૦-૧૨-૦ |
| ૧૧ | શ્રી મુક્તિ માર્ગદર્શન યાને ધર્મપ્રાપ્તિના હેતુઓ | ભેટ |
| ૧૨ | શ્રી સુરપ્રિય મુનિ ચરિત્ર ગુજરાતી ભાષાંતર | ૦-૨-૦ |

### છપાય છે.

૭ શ્રી પ્રતિમાશતક મોટી ટીકા ( સંસ્કૃત ) ( આમાં પ્રતિમા સ્થાપના બહુજ સરસ-આગમ-ન્યાયયુકત કરેલ છે. )

૮ શ્રી કર્મગ્રન્થ વૃત્તિ-પ્રથમ ભાગ-( ભાવનગર પ્ર૦ સ૦ છપાએલની બીજી આવૃત્તિ. )

૯ શ્રી ઉપદેશ પદ ટીકાસહ શ્લો૦ ૧૪૦૦૦ સંસ્કૃત.

૧૩ વડોદરામાં ઉજવાયેલ મહાવીર જયંતીનું ભાષણ ( ગુજ૦ )

### પ્રેસમાં જવાની તૈયારી.

૧૪ શ્રી પંચ વસ્તુ વૃત્તિ— ( સંસ્કૃત )

૧૫ યોગવિંશિકા વ્યાખ્યા ,,

૧૬ પરમાત્મ પંચવિંશતિકા મૂળ ,,

१७ પરમજ્યોતિ „ „ „
१८ માર્ગ પરિશુદ્ધિ „ „ „
૨૦ સમ્યક્ત્વ કૌમુદી ( અત્યાર સુધી છપાઇ છે તેનાથી જુદીજ અને ) મોટી „
૨૨ શ્રમણ સૂત્ર ( પગામ સજ્ઝાય ) અર્થ વિવેચના સાથે.

## તૈયાર થતાં.

१૯ પ્રમાણ કલિકા ( શાસ્ત્ર વાર્તા સંગ્રહ ) ન્યાય ગ્રંથ-(સં૦)
૨૧ પુષ્પ માલા પ્રકરણ વૃત્તિ— „
૨૩ ધર્મ શિક્ષા સટીક—ઉ૦ સકલચંદ્રજી કૃત૦ „

## ગુર્જર ભાષામાં તૈયાર થતાં.

સમ્યકત્વ સપ્તતિ વૃત્તિનો. ( સ્વતંત્ર અનુવાદ ).
મૃગાવતી ચરિત્ર શ્લોકબદ્ધ કાવ્યનો. „
સુરસુંદરી ચરિત્ર પ્રાકૃતનો. „
પખ્ખી સૂત્રનો. „
આચાર પ્રદીપ. „
ચંદ્રશેખર ચરિત્ર. „
મૃગાંક લેખા. „
સુબોધ કથા સપ્તક. „

**સૂચના**—જે પુસ્તક ( ભેટ ) મંગાવો તેના પોસ્ટની ( અને જવાબની જરૂર હોય તો તેની ) ટીકીટો મોકલીનેજ કાર્ય ફરમાવશો.

પુષ્પ ૨-૬-૧૨ અહીંથી પણ મળશે.
**શા. નેમિદાસ અભયચંદ**
ઠે. મંગળદાસ માર્કીટ પાછળ નવા માળામાં ૩ જે દાદરે મુંબઇ.

બધાં પુસ્તકો મળવાનું તથા તમામ પ્રકારના પત્રવ્યવહારનું સ્થાન.
**માસ્તર કુંવરજી દામજી.**
ઠે૦ બુદ્ધિસિંહજી જૈનશાળા
(કાઠીયાવાડ) પાલીતાણા.